# PRIDE OF GUJ. AWARD BY CM OF GUJARAT IN 2023 TO SERVE IN TRIBAL AREA





ડૉ.રાહુલકુમાર પડવાલ

PROMINENT BUFFET RESTAURANT

તબીબી ક્ષેત્રે 'નેવાના પાણી મોભે ચઢાવવા' સમાન કામગીરીથી મહિલાઓને નવજીવન મળ્યુ



દિવ્ય ભાસ્કર

## ડો.રાહુલકુમાર પડવાલ

M.S., F.MAS (Obstetrician & Gynecologist)
Vaginal Surgeon, Infertility Specialist
Sonologist, Laproscopic Panel Surgeon



PROMINENT BUFFET RESTAURANT

# તબીબી ક્ષેત્રે 'નેવાના પાણી મોભે ચઢાવવા' સમાન કામગીરીથી મહિલાઓને નવજીવન મળ્યુ

દિવ્ય ભાસ્કર PRIDE OF GUJARAT 2023




*દાહોદના ગાયનેક ડો. રાહુલ પડવાલને મુખ્યમંત્રીના હસ્તે દિવ્ય ભાસ્કર પ્રાઇડ ઓફ ગુજરાત એવોર્ડ એનાયત અપાયો હતો.*

### વધેલી વિશ્વશનિયતાથી NRI દર્દીઓની સંખ્યામાં વધારો

ડો.રાહુલ પડવાલે વર્ષ 2018માં પોતાનું દવાખાનુ શરૂ કર્યું હતું. ત્યારથી માંડીને આજ સુધી ચાર વર્ષના સમય ગાળામાં તેમણે 54102 દર્દીઓને તપાસ્યા છે. સમાજો અને લોકોમાં વધેલી તેમની વિશ્વનિયતાને કારણે તેમને ત્યાં નિદાન માટે આવતાં દર્દીઓની સંખ્યામાં 15671નો વધારો નોંધાયો છે. ડો.રાહુલ પડવાલે તપાસેલા કુલ દર્દીઓમાંથી 20 હજાર નવી સગર્ભા મહિલાઓ ,વંધ્યત્વ તથા માસિકની સમસ્યાને લગતી મહિલાઓની સંખ્યા 4962 છે. જ્યારે 16964 મહિલાઓની સોનોગ્રાફી કરીને સફળ નિદાન કરવામાં આવ્યુ છે. તેમના દ્વારા પડવલ વુમન્સ હોસ્પિટલ ખાતે 2 હજારથી વધુ સફળ પ્રસુતિ કરાવવામાં આવી છે. આ સાથે વધુ સંતાનો ધરાવતાં દંપતિઓને સમજાવીને 254 મહિલાઓનું ફેમીલી પ્લાનિંગ પણ કરાવ્યુ છે. ડો.રાહુલ પડવાલની વધેલી વિશ્વનિયતાને કારણે તેમને ત્યાં NRI દર્દીઓની સંખ્યામાં પણ વધારો નોંધાયો છે.

દાહોદ જેવા આદિવાસી બાહુલ્ય ધરાવતા અને પછાત જિલ્લામાં મહિલાઓને ખુબ જ વેઠવુ પડે છે. સરકાર દ્વારા અનેકવિધ યોજનાઓ અને આરોગ્ય માળખાના ફેલાવાથી ભરપુર પ્રયત્નો કરાઇ રહ્યા છે પરંતુ તેની એક મર્યાદા છે. દાહોદની સરકારી હોસ્પિટલથી પોતાની કારકિર્દીની શરૂઆત કરનાર ડો.રાહુલકુમાર પડવાલને કામ પ્રત્યેનું સમર્પણ જ તેમને બીજાથી જુદા પાડે છે. દાહોદની સરકારી હોસ્પીટલમાં 6000થી વધારે ગાયનેક સર્જરી કરી હતી. કામ પ્રત્યેની ધગશ અને સફળતાની નોંધ સરકાર દ્વારા પણ લેવામાં આવી હતી અને એટલે જ રાજ્ય સરકાર દ્વારા ત્રણ લાખ રૂપિયાની રકમથી ડો.રાહુલ પડવાલના કરાયેલા સન્માને ઈંધણનું કામ કર્યું હતુ. ત્યાર બાદ રાહુલ પડવાલે ક્યારેય પાછુ વળીને જોયુ નથી. મેડિકલ ક્ષેત્રે મીરેકલ ગણાતી અને નોંધ લેવાય તેવી સર્જરીઓ કરીને તેમણે અનેક મહિલાઓને નવજીવન આપ્યું છે. જેમાં ભારતની સૌથી નાની હાઈટ ધરાતી મહિલાની સફળ પ્રસુતિ હોય કે સૌથી મોટી ગર્ભાશયની ગાઠ વજાયનલ સર્જરી તે ડો.રાહુલ પડવાલના નામે છે.દાહોદ ,જીલ્લામાં પ્રથમ "મેસિવ બ્લડ ટ્રાન્સફયુજન થેરાપી" દ્વારા 22 યુનિટ બ્લડ ચડાવી યુવતીનો જીવ બચાવવામાં પણ તેમણે સફળતા મેળવી છે.એટલું જ નહીં ,જીલ્લામાં પ્રથમ વખત સિમ્પલ પાર્શિયલ મેન્યુઅલ બ્લડ એકસચેન્જ થેરેપી,બાર વખત અસફળ પ્રસુતિ પછી તેરમી વખત સફળ પ્રસુતિ પણ કરાવી હતી. 70 લાખ ડિલિવરીએ બનતો એક કિસ્સો પણ તેમના દવાખાને બન્યો છે.જેમાં એક સાથે એક ગર્ભમાં રહેલા ચાર બાળકોની સફળ પ્રસુતિ કરાવી હતી. અનેક ઉપલબ્ધિઓને કારણે વજાયનલ સર્જરી માટે વિદેશથી પણ લોકો આવી રહ્યા છે. ગ્રામ્ય ક્ષેત્રે ડો.રાહુલ પડવાલ દ્વારા નેવાના પાણી મોભે ચઢાવવા સમાન કરાયેલા કામોની ખ્યાતિને કારણે તેમને એશિયા બુક ઓફ રેકોર્ડ - ઈન્ડિયા બુક ઓફ રેકોર્ડમાં સ્થાન મળ્યુ છે. આ સાથે મહિલા જાગૃતિ અભિયાનના વિવિધ કેમ્પોને કારણે લિમ્કા બુક ઓફ રેકોર્ડ પણ તેમની નોંધ લીધી છે. અનાજ મહાજન એજ્યુકેશન સોસાયટી દ્વારા તેમને 'શેઠ શ્રી ગિરધરલાલ એવોર્ડ' પણ એનાયત કરાયો હતો. ડો.રાહુલ પડવાલ અભ્યાસમાં તેજસ્વી હોવા સાથે ઈતર પ્રવૃતિમાં પણ અગ્રેસર રહ્યા છે.પ્રાથમિક,માધ્યમિક, તથા ઉચ્ચતર માધ્યમિક વિભાગમાં સર્વોતમમુખી એવોર્ડ થી સન્માનીત થયા હતાં.રાજ્યકક્ષામાં ખાખોડી તથા બેડમિન્ટનમાં સન્માનીત થયા હતાં. S.S.C.બોર્ડ માર્ચ 2000માં પંચમહાલ જીલ્લામાં ટોપ ત્રણમાં સ્થાન મેળવ્યુ હતું. દાહોદ શહેર કે તાલુકો જ નહીં આખા જિલ્લામાં ડો.રાહુલ પડવાલની કામ કરવાની પદ્ધતિ અને તેમના નિદાન બાદ સફળ સારવારની ચર્ચાઓ થાય છે.

### પ્રતિભાના પ્રમાણ



INDIA & ASIA BOOK OF RECORD HOLDER FOR VAGINAL SURGERY

- ભારતની સૌથી નાની હાઈટ ધરાવતી મહિલાની સફળ પ્રસુતિ
- સૌથી મોટી ગર્ભાશયની ગાઠ વજાયનલ સર્જરી દ્વારા એશિયા બુક ઓફ રેકોર્ડ - ઇન્ડિયા બુક ઓફ રેકોર્ડ માં સ્થાન
- જીલ્લામાં પ્રથમ "મેસિવ બ્લડ ટ્રાન્સફ્યુજન થેરાપી" - 22 યુનિટ બ્લડ ચડાવી યુવતી નો જીવ બચાવ્યો
- જીલ્લામાં પ્રથમ વખત સિમ્પલ પાર્શિયલ મેન્યુઅલ બ્લડ એકસચેન્જ થેરેપી
- બાર વખત અસફળ પ્રસુતિ પછી તેરમી વખત સફળ પ્રસુતિ
- સીકલસેલ એનીમીયા ગંભીર બીમારી સગર્ભાવસ્થામાં ની તપાસ
- એક સાથે એક સરખા ગર્ભમાં ચાર બાળકોની સફળ પ્રસુતિ - 70 લાખ ડિલેવરીએ બનેલ એક કિસ્સો

ISO9001:2015
NABH PRE ACCREDITED
**પડવાલ વુમન્સ**
સુપરસ્પેશ્યાલીટી હોસ્પિટલ

- આદિવાસી બાહુલ્ય ધરાવતા જિલ્લામાં પ્રથમ NABH તથા ISO સર્ટિફાઈડ વુમન્સ હોસ્પિટલ
- એશિયા બુક ઓફ રેકોર્ડ, ઇન્ડિયા બુક ઓફ રેકોર્ડ અને લિમ્કા બુક ઓફ રેકોર્ડમાં પણ સ્થાન મેળવ્યુ

### દાદીએ હિંમત આપતા કહ્યુ હતુ, તુ એવુ દવાખાનુ ખોલ કે મહિલાઓ અને માતાઓને કોઇ તકલીફ ના પડે




દવાખાનાના નિર્માણ માટે પાયા નાખવાના હતા તે દિવસે જ ડો.રાહુલ પડવાલનો ગંભીર અકસ્માત થતાં તેમાં બંને હાથ ફેક્ચર થઇ ગયા હતાં. તે છતાંય મન અડગ હોવાથી ડો.રાહુલ પડવાલે હિંમત હારી ન હતી અને હોસ્પિટલનું કામ યથાવત જ શરૂ રખાયુ હતું. દરમિયાન ગામડે ખેતરમાં બેઠેલા ડો.રાહુલ પડવાલને તેમના દાદીએ પોતાના સમયની વાતો કહી અમને ખુબ જ તકલીફ પડી હતી ત્યારે તુ એવું દવાખાનુ ખોલ કે મહિલાઓ અને માતાઓને કોઇ પણ પ્રકારની તકલીફ ન પડે, મારે તારૂ દવાખાનુ જોવાનું છે, હું હજુ પાંચ વર્ષ જીવીશ અને તારૂ દવાખાનુ જોઇને જ જઇશ તેમ કહીને નવો જોમ પુરતાં તેમની હિંમત બમણી થઇ ગઇ હતી. દવાખાનુ તૈયાર થયા બાદ દાદીની સારવાર આઠ માસ તે જ દવાખાનામાં ચાલી હતી અને તેમનું 92 વર્ષની વયે નિધન થયુ હતું. વર્ષ 2018માં તેમણે પોતાનું પડવાલ વુમન્સ હોસ્પિટલ શરૂ કરીને તબીબી ક્ષેત્રે મેળવેલું જ્ઞાન અને સેવાની પધાવેલી ધુણી આજ પર્યંત ચાલુ રાખી છે.

**Address:** • ધોડાડુંગરી, પંચમુખી હનુમાન મંદિરની પાસે, શ્રીરામશરણની પાસે, મંડાવાવ રોડ, દાહોદ - 389151 ફોન નં. 02673-238801 થી 238805 મો. 8238054665 E-mail : rahul.padval1984@gmail.com